# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4366 તારીખ : 29/6/19

રજી. એડી. પત્ર

પ્રતિ,
વિરડીયા પરેશભાઈ રામજીભાઈ
મુરલીધર વે બ્રીજ ની પાછળ,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ , જી. : રાજકોટ ,

મોબાઈલ : ૯૮૨૪૨૧૬૯૦૦

વિષય : સિક્યોરિટી ડીપોઝીટ પર વ્યાજ મેળવવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૧/૨૦૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૬/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: વિરડીયા પરેશભાઈ રામજીભાઈ ગામ: કોઠારિયા
રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એચ. બી. પરમાર - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર વિરડીયા પરેશભાઈ રામજીભાઈ, ગામ: કોઠારિયા તેઓની અરજી ના નોંધણી નંબર :૧૬/ક્વા-૧/૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓના ગ્રાહક નં.– ૩૪૫૧૩/૧૭૨૮૩/૫ (૭૦ કીવો) તા.૦૫–૧૨–૧૮ ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરીમાં થી ફેઇઝ ઓર્દ્યોગીક મીટર ખોલવા તેમજ – ભરેલ સીકયોરીટી ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા માટે ની અરજી કરેલ હતી. તા.૦૮–૦૪–૧૯ ના રોજ ચેક દ્વારા રીફંડ આપેલ, પરંતુ – તેઓને મળવા પાત્ર વ્યાજ આપેલ નથી. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝનના અરજદાર શ્રી વિરડીયા પરેશભાઈ રામજીભાઈ દ્વારા તેમના LTMD 70 KW ના કનેક્શન નં-૩૪૫૧૩૧૭૨૮૩૫ ની સિક્યોરીટી ડીપોઝીટ પર વ્યાજ મેળવવા ની ફરિયાદ ના અનુસંધાને - NOC મેળવવા ની લેખિત અરજી વાવડી સબડીવીઝન દ્વારા તા.૧૧.૦૪.૧૯ થી સ્વીકારેલ. ત્યારબાદ અરજીની કાર્યવાહી હાથ ધરતા સદર કનેક્શન માં રૂ.૨૦ બાકી હતા તેમજ વ્યાજ મેળવવા બાબતે એડવાન્સ સ્ટેમ્પ જોડેલ ન હતી અને સદર કનેક્શન PDC થઇ ગયેલ હોય વર્ષ -૨૦૧૮-૧૯ નું વ્યાજ

બિલિંગ માં પ્રોસેસ થયેલ ન હતું જેની જાણ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા ગ્રાહક ના પ્રતિનિધિ ને કરવામાં આવેલ જેથી ગ્રાહક દ્વારા રૂ.૨૦.૦૦ ભરપાઈ થતા સબડીવીઝન દ્વારા NO DUE સર્ટીફીકેટ આપેલ.

૩.૧ અરજદાર શ્રી સદર રકમ અન્ય વીજ બીલ માં જમા લેવા માંગતા હોય, સિક્યોરીટી ડીપોઝીટ ઉપર મળવાપાત્ર વ્યાજ ની ગણતરી કરી સબ ડીવીઝન દ્વારા સદર કેસ અત્રેની કચેરી ને મોકલાવેલ જેથી ચકાસણી કરતા માલુમ પડેલ કે ગ્રાહક શ્રી દ્વારા લક્ષ્મીનગર સબ ડીવીઝનના ગ્રાહક નં.૮૭૬૦૪/૦૭૯૫૮/૦ માં વ્યાજ ની રકમ જમા આપવા અરજી કરેલ પરંતુ અન્ય વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા સબડીવીઝન ના ગ્રાહક નંબર માં ડીપોઝીટ નું વ્યાજ જમા આપવું શક્ય ન હોય જેથી ગ્રાહક શ્રી ની અરજી પરથી સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરી ડીપોઝીટ ના વ્યાજ નો ચેક તા.૨૪.૦૬.૧૯ ના રોજ ચેક નંબર- ૨૪૫૬૬૭ થી રૂ. ૧૧૩૮૫.૦૦ નો ઇસ્યુ કરેલ છે. જેના c.v.no.- ૬૦૨૪૫ છે. આમ, અરજદાર શ્રી ની ફરિયાદનો સુખદ અંત આવેલ છે

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૨.૦ તથા ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ભરેલ સીકયોરીટી ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા માટે ની અરજી કરેલ હતી, જે અન્વયે તા.૦૮–૦૪–૧૯ ના રોજ ચેક દ્વારા રીફંડ આપેલ, પરંતુ – તેઓને મળવા પાત્ર વ્યાજ આપેલ નથી. જેથી, અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – સામેવાળા દ્વારા અરજદાર શ્રી ની રજુઆત મુજબ– સીકયોરીટી ડિપોઝીટ ની રકમ પર મળવા પાત્ર વ્યાજ ની રકમ રૂ.૧૧,૩૮૫/– ચેક નં.–૨૪૫૬૬૭ તા.૨૪–૦૬–૧૯ ના રોજ અરજદાર શ્રી ને ઈસ્યુ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot